
# વિસનગર – ઈતિહાસ

## *વિસનગર સ્થાપના દિન–૩૦ એપ્રિલ અખાત્રીજ ને રવિવાર*



આ પ્રદેશ માટે એક ઈતિહાસના તેજાવી પાના મુસ્લીમ આક્રમણના સમયમાં લેવાયા છે. સાતમી સદીના સુતભાગમાં કલ્યાણના રાજવી ભુંવડે પુંચાસુરનુ પતન કર્યુ. પરંતુ રાણી રૂપ સુંદરી વનરાજને જન્મ આપતાં બચી ગઈ અને ચાંપાનેર અને અણહીલવાડ પાટણ જેવા બે અગત્યના શકિતશાળી શહેરો વસાવ્યા. ચાવડા વંશના સાતમા વારસ રણતુંગસિંહના હાથમાંથી સત્તા રાજા મૂળરાજ સોલંકીને પ્રાપ્ત થઈ. સોલંકી વંશના શાસન દરમ્યાન ગુજરાતની સમૃધ્ધિમધ્યાહને ઝળહળતી હતી. આ સમૃધ્ધિનો અંત આવ્યો. ભીમદેવ બીજાના સમય દરમ્યાન ૧૩૦૪ માં મુલસમાનોએ ગુજરાત જીત્યુ. અને આશરે એકાદ સૈકા માટે રાજ કર્યુ. અજમેરના રાજવી વિશળદેવે બીજા રાજપૂત રાજવીઓ સાથે મળી મુસલમાનોને પરારસ્ત કરવા પ્રયત્ન કર્યો. જેમાં ભીમદેવ સામેલ થયેલ નહીં. આથી ભીમદેવ સાથે યુધ્ધ કરી વિમલદેવે વિજય મેળવ્યો. જે સ્થળે વિજય મેળવ્યા તે સ્થળે સને – ૧૦૨૪ માં વિસનગર શહેર નામ રાખ્યુ તે આજનુ વિસનગર.




આદ્ય ઐતિહાસિક કાળમાં સમગ્ર ગુજરાત માટે ''આનર્ત''શબ્દ પ્રયોજાયો છે. પાછળથી આ જ શબ્દઅત્યારનાઉત્તર ગુજરાત અને ઉત્તર સૌરાષ્ટ્ર માટે પ્રયોજાયો. એ કાલમાં આ વિશાળ ભૂખંડની પાટનગરી ''કુશસ્થલી'' અર્થાત ધ્વારિકા ''વડનગર'' બની રહયું. જે આનર્તપુર, આનર્તનગર, વૃન્દનગર કે કેવળ નગર તરીકે ઓળખાયું. વડનગરની બિલકુલ પાસે વીસનગર હોવાથી વડનગરની ઐતિહાસિકતા વીસનગરને ગળી ગઈ. આને કારણે વીસનગર પ્રાચીન હોવા છતાં તેની સ્થાપના છેક વાઘેલા કાળમાં થઈ એવી માન્યતાને પ્રબળ સમર્થન મળ્યું એટલું જ નહિ ફાર્બસ જેવા વિધ્વાનો તો સત્ય તરીકે તેનો સ્વીકાર કર્યો. આનું કારણ વીસનગરની પ્રાચીનતા સિધ્ધ કરવા માટે મળતા આધારોનું દારિદ્રય છે.



વીસનગર સંબંધિત સાહિત્યિક આધારો તો પાછળના કાલમાં ઉપલબ્ધ થયા પરંતુ વીસનગરની આસપાસના વિસ્તારોમાં પેઢામલી, આગલોડ, હડાદ, રામપુર જેવાં ગામોમાંથી પુરાવિદ રોબર્ટ બ્રુશફૂટે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં આદ્યપાષાણ યુગના અવશેષો શોધી કાઢતાં પ્રસ્થાપિત માન્યતામાં પરિવર્તન કરવું જરૂરી બન્યું. ત્યારબાદઆઝાદી પછી ભારતીય તજજ્ઞોએ પણ વાલમ, તરભ, ખંડોસણ અને વલાસણામાંથી આવી વસાહતો શોધી કાઢી. અત્યારના વીસનગરનું ઉપનગર કાંસા પણ કાંસ્ય યુગની આવી વસાહતનું સૂચન કરે છે.

વીસનગરનું પ્રાચીન કાળમાં અસ્તિત્વ હતું એવા અવશેષીય આધારો વીસનગરમાંથી જ ઉપલબ્ધ થાય છે. જેમાં મહાકાળેશ્વર મંદિરના પ્રસ્તરો, મૂળમંદિરનાં કીર્તિમુખ અને કીચકો, મંદિરના પરિસરમાંનું અર્ધપર્યુકાસન શિલ્પ, દેળિયા તળાવની પાળનો છેદ, પિંડારિયા તળાવનાં ગળનાળાંના કેટલાક થરો અને તેની આસપાસ વેરાયેલાં ઠીકરાં નોંધપાત્ર ગણાય.




પ્રાચીન તેમજ મધ્યકાલીન વીસનગરના અભિલેખિક ઉલ્લેખો જવલ્લે મળે છે. તેનો આ સમયના પૂર્વાર્ધનો ઈતિહાસ કેટલીક ધારણાઓ પર આધારિત છે. દા.ત. વીસનગરનો વિસ્તાર ઈ.સ.પૂર્વે છઠ્ઠી પાંચમી સદી દરમ્યાન આનર્તનો ભાગ હશે. આનર્તનો ઉલ્લેખ જુનાગઢ –ગિરનારના રૂદ્રદામનના શિલાલેખમાં થયો છે. મૈત્રક કાલનાં મોટા ભાગનાં દાનપત્રો વડનગરમાંથી અપાયેલાં છે પરંતુ તેમાં વીસનગરનો વીસનગર નામથી કયાંય ઉલ્લેખ નથી. એ જ રીતે વડનગરની મુલાકાત લેનાર ચીની સાધુ યુઅન શ્વાંગ પણ વીસનગરનો ઉલ્લેખ કરતો નથી. ત્યારબાદ આ વિસ્તાર રાષ્ટ્રકૂટો, પ્રતિહારો અને છેવટે ચાવડાઓના હસ્તક આવ્યો પરંતુ તેમના કોઈ પણ અભિલેખમાં વીસનગર દેખાતું નથી.

ફાર્બસે વીસનગરની સ્થાપના વિસળદેવ વાઘેલાએ કરી એવું પોતાના બિન ઐતિહાસિક ગ્રંથ "રાસમાળા" માં સાબિત કરવા પ્રયત્ન કર્યો પરંતુ તેનો પ્રવર્તમાન સંશોધનના અંતે સ્વીકાર કરવો સહજ નથી કારણ કે વીશળદેવ વાઘેલાના શાસનકાળ પહેલાંના કેટલાક બિંબલેખો વીસનગરમાંથી ઉપલબ્ધ થયા છે.



શાંતિનાથના દેરાસરમાં વિ.સં. ૧૧૯૦નો લેખ છે, જેમાં મહાડના પુત્ર ચાહિલે તથા તેની પત્ની આશાદેએ બિંબ પ્રતિષ્ઠિત કરાવ્યાનો ઉલ્લેખ છે ઉપરોકત મંદિરની પંચતીર્થ પ્રતિમામાં વિ.સં. ૧૨૧૧ના વૈશાખ વદી બીજને બંધવારનો લેખ છે. વળી દીપરા દરવાજા વિસ્તારમાં આવેલા ઋષભદેવના દેરાસરમાં વિ.સં. ૧૨૯૭ના લેખમાં નીલકર્ણના પિતાએ આદિનાથનું બિંબ કરાવ્યાનો ઉલ્લેખ છે. તદુપરાંત શાંતિનાથના મંદિરની ભમતીમાં પ્રવેશતાં વિ.સં.૧૩૦૦ના જેઠ સુદ પાંચમ ગુરૂવારના લેખમાં એક શ્રીમાળી વાસુક ઠાડા તથા ધીંધાને બિંબ પ્રતિષ્ઠિત કરાવ્યાની નોંધ છે.

ઉપરોકત લેખો ઉપરથી એક તદન નવીન બાબત જાણવા મળે છે કે આ નગરીના કહેવાતા સ્થાપક વિશળદેવ વાઘેલા પહેલાં પણ વીસનગરનું અસ્તિત્વ હતું. આમ છતાં અભિલેખોમાં ભાગ્યે જ વીસનગરનો ઉલ્લેખ મળે છે એનું કારણ વડનગરની તુલનામાં તેને મળેલું ઓછું મહત્વ ગણી શકાય.

વીસનગરનો સર્વ પ્રથમ અભિલેખિત ઉલ્લેખ તો શંખેશ્વર (તા.સમી) ના ડોસલા પાર્શ્વનાથના મંદિરની એક પ્રતિમા પર મળે છે. વિ.સં. ૧૩૩૪માં પ્રતિષ્ઠિત થયેલ આ બિંબ પર દ્વ€ (સંસ્કૃતમાં લખેલ છે.) એવું સ્પષ્ટ વંચાય છે. બાકી કાંસા, વીસનગરના જૈન પ્રતિમાલેખો અને છેક હમણાંના પિંડારિયા તળાવની સ્વામી નારાયણની છત્રીના લેખમાં પણ વીસનગરનો ઉલ્લેખ નથી એ આશ્વર્યકારક કહેવાય.




''હીર સૌભાગ્યકાવ્ય'' નામના ગ્રંથમાં બીજી મહત્વનીમાહિતી મળે છે કે, એ વખતે ચલણના દ્રમ નામના સિકકાનાં ''વીસલપ્રિય'' અને ''વીસલપુરી'' જેવાં નામો હતાં. આના પરથી સાબિત થાય છે કે વીસનગરમાં એ સમયે ટંકશાળ હશે. સમગ્ર ઉત્તર ગુજરાતમાં વીસનગરની આ ટંકશાળાના સિકકાઓ ચલણમાં વપરાતા હતા. હીર વિજય સૂરિનીજન્મભૂમિ પાલનપુરમાં પાર્શ્વનાથના મંદિરમાં દરરોજ ૫૦૦ વીસલપુરી દ્રમનો ખર્ચ પૂજાવિધિમાં થતો હતો એવા ઉલ્લેખો મળે છે. ગુજરાતના રાજકીય ઈતિહાસમાં વીસનગર ગુજરાતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થયા પછી સ્પષ્ટ ઉલ્લેખો સાથે દેખાય છે. ગુજરાતમાં દિલ્હીના સુલતાનોની સત્તા ઈ.સ. ૧૩૦૪ માં પાટણ તથા ગુજરાતના કેટલાક ભાગોમાં સ્થપાઈ. ગુજરાતનો વહીવટ દિલ્હીના સુબાઓ કરતા. આ વખતે દિલ્હીના સુબાઓ અને પાછળથી ગુજરાતના સ્વતંત્ર સુલતાન મુઝફફરે ઈડરના રાવ રણમલ સાથે લડાઈ કરી. આ યુધ્ધનીવિગતમાં ઉતરતાં સ્પષ્ટ થાય છે કે, રણમલ પર દબાણ વધતાં તે વીસનગર વિસ્તારમાં પલાયન થઈ ગયો.

આના પરથી સાબિત થાય છે કે ગુજરાતમાં મુસ્લિમોના શાસનકાળ વખતે પણ વીસનગર ધર્માંધ મુસલમાન શાસકોના કબજામાં નહોતું. જો તેમ હોત તો રણમલ ત્યાં પલાયન થઈ ધર્માંધ દુશ્મનોના મોંમાં પડે નહિ. આને કારણે જ વડનગરનું હાટકેશ્વર મંદિર સલ્તનત કાળમાં બાંધી શકાયું અને છેક મરાઠાઓની સત્તા આ પ્રદેશમાં સ્થપાઈ ત્યાં સુધી અખંડ રહી શકયું.



મુઘલ સમ્રાટ અકબરે ઈ.સ.૧૫૭૨માં ગુજરાત જીત્યું પરિણામે વીસનગર આ વિશાળ સામ્રાજયનો એક ભાગ બન્યું. એ સમયે વીસનગર પરગણા નામક વહીવટી એકમનું મુખ્ય મથક હતું. અબુલ ફઝલ પોતાના ઈતિહાસ ગ્રંથ '' આઈના – એ – અકબરી'' માં વીસનગર પરગણાની વિગત આલેખે છે. આ સમયે તારંગાના પ્રાસાદનો વીસનગરના સંઘે જીર્ણોધ્ધાર કરાવ્યો. આ કાર્ય વીસનગરના સૂત્રધાર (સલાટ) ભુવાએ સંપન્ન કર્યુ. આ ઉપરાંત વિ.સં. ૧૬૫૫માં ઓસવાલ જ્ઞાતિના વૃધ્ધ શાખાના શાહ સરમાંકે વીસનગરના નેમીનાથ મંદિરના ગભારામાંના કુંથુંનાથના બિંબની પ્રતિષ્ઠા કરી એવો લે ખ છે. આ બિંબની પ્રતિષ્ઠા હીરવિજય સૂરિનાશિષ્યવિજયસેન સૂરિએ કરી હતી.

ઔરંગઝેબના અમલ દરમ્યાન ઈ.સ. ૧૬૭૩ માં વિજાપુર, કડી અને પાટણ પરગણાંમાંથી એકવીસ ગામો અલગ કરી વીસનગર પરગણાને વિશાળ બનાવ્યું અને વીસનગરને નવું ઈસ્લામી નામ "રસૂલાબાદ" આપવામાં આવ્યું. પરંતુ તે બહુ ચાલ્યુ નહિ અને ફરીથી "કસ્બ એ બીસલનગર" નામે ઓળખાવા લાગ્યું. જો કે તેનું સીમાવર્તી મહત્વવધ્યું તેથી ઔરંગઝેબે અહીં એક કિલ્લો બંધાવ્યો. ઈ.સ.૧૬૭૯માં ઔરંગઝેબે મેવાડ પર આક્રમણ કરતાં તેને બીજે મોરચે વાળવા ત્યાંના રાણા રાજસિંહના યુવરાજ ભીમસિંહે વીસનગર પર પ્રતિઆ ક્રમણ કરી તેને તારાજ કર્યુ.



ઔરંગઝેબના મરણ પછીની અરાજકતાનો ભોગ વીસનગર પણ બન્યું. મરાઠાઓની રંજાડ વધી ગઈ પરિણામે વીસનગરમાં વસતા શાંતિપ્રિય લોકોના એક સમૂહે પાલનપુરના મુસ્લિમ રાજયમાં હિજરત કરી. ત્યાંના નવાબે કરીમાબાદ નામનું ઉપનગર આબાદ કરીને તેમને વસાવ્યા. આ હિજરતીઓમાંના કેટલાંક ગુર્જ કંસારાઓ ત્યાંથી પણ રાધનપુરના નવાબને આશ્રયે જઈને રહયા.

મુઘલસત્તા પતનને માર્ગે જતાં મરાઠાઓ પ્રબળ બન્યા અને તેમણે ક્રમશઃ ગુજરાત જીતવાનું શરૂ કર્યુ. ઈ.સ.૧૭૩૪માં શેરખાન બાબી પાસેથી દામાજી ગાયકવાડ બીજાએ વડોદરા પડાવ્યું ત્યારે તેની પાસે પેશવા બાજીરાવે કરાર કરી વીસનગર રહેવા દીધું. મરાઠાઓએ અમદાવાદ જીત્યું. ત્યારે પણ વીસનગર બાબી જોરાવરખાનની પાસે જ રહેવા દીધું. આ જોરાવરખાને વીસનગરને આબાદ કર્યુ. તેણે જૂના કિલ્લાને સમરાવ્યો અને બીબીપરા (દિપરા)ને શાહી વસવાટ બનાવ્યો.



વિસનગર જેવો ફળદ્રુપ વિસ્તાર મરાઠાઓ બાબીઓ પાસે લાંબો સમય રહેવા નદે એ સ્વાભાવિક હતું. દામાજીરાવે ઈ.સ.૧૭૬૩ માં વિસનગર પર આક્રમણ કરી અત્યારે "મીરાંનો ખાંચો" તરીકે ઓળખાતા વિસ્તારમાં જોરાવરખાનને મારી ત્રીસ વર્ષના વિસનગરમાંના મુસ્લિમ શાસનનો અંત આણ્યો.

દામાજીએ પોતાના ઉત્તર ગુજરાતના રાજયની રાજધાની વિસનગરને બનાવી. તેણે અહીંયા એક વિશાળ શસ્ત્રાગાર સ્થાપ્યું જેમાં તોપો, દારૂગોળો, બંદૂકો વગેરે રાખવામાં આવ્યાં હતાં. આનંદરાવ ગાયકવાડના રાજયકાલ દરમ્યાન ઈ.સ.૧૮૦૧ માં કડીમાંના તેના પિતરાઈ મલ્હાર રાવે વિસનગરને સ્વતંત્ર અને સાર્વભૌમ બનાવ્યું જેની યાદગીરી "ફતેહ દરવાજા" નામમાં જળવાઈ છે. ગાયકવાડોના આ પારિવારિક સંઘર્ષમાં અંતે સેનાપતિ બાબાજી અને મેજર વાર્કરનાં સંયુકત દળોએ વિદ્રોહી મલ્હાર રાવને હરાવી વિસનગરને વડોદરા રાજય સાથે ભેળવી દીધું.

આ ઘટના પછી અંગ્રેજોની છત્રછાયા નીચે યાગકવાડનો શાંતિપૂર્ણ રાજય અમલ શરૂ થયો અને વિસનગરની સર્વાંગી પ્રગતિનાં મંડાણ થયાં. ઈ.સ. ૧૮૭૪ માં ગુજરાતી શાળા, ૧૮૮૨માં એ.વી. સ્કૂલ, ૧૮૮૬માં ઉર્દુ શાળા અને ૧૮૮૭માં કન્યા શાળા તેમજ અંત્યંજ શાળા સ્થપાઈ. આ બધી શૈક્ષણિક સંસ્થાઓનો મૂળભૂત ઉદ્દેશ અંગ્રેજ વહીવટી તંત્રને કારકુનો પૂરા પાડવાનો હતો તેથી આ યુગમાં વિસનગરાઓ મુખ્યત્વે રેલવે અને પોસ્ટખાતામાં દેખાય છે. એ જ રીતે ૧૮૮૭માં વિસનગરવિસ્તારના સ્વાતંત્રપ્રિય ઠાકોરોના અંતરિયાળ પ્રદેશમાં તારંગા સુધી જતી રેલવે સ્થાપવાનો મુખ્યઉદ્દેશ તો ૧૮૫૭ વખતે ત્યાં થયેલ સંક્ષોભ ઉગ્ર બને તો થોડીક્ષણોમાં લશ્કરને ઠાલવવાનો હતો. આમ છતાં કેટલીક સ્તુત્ય પ્રવૃત્તિઓ થઈ. ઈ.સ.૧૮૭૫માં સુધરાઈ, ૧૮૮૩માં દવાખાનું અને ૧૮૮૪માં જનરલ લાયબ્રેરીની સ્થાપનાએ પ્રજામાં ઘણાં ક્ષેત્રોમાં ઉપકાર કર્યો હતો.



ઈ.સ. ૧૯૦૬માં ગાયકવાડે કરેલ ફરજિયાત કેળવણીની જોગવાઈએ વિસનગરની પ્રજાને સાક્ષર તો કરી પરંતુ તેમનામાં રાષ્ટ્રીય સભાનતા જાગ્રત કરી તે વિશેષ. સને ૧૯૧૫માં હાઈસ્કૂલની તથા આઝાદીની પૂર્વ સંધ્યાએ વિનયન અને વિજ્ઞાન કોલેજ સ્થપાઈ. આ શૈક્ષણિક સંસ્થાઓએ વૈચારિક ક્રાંતિની ભૂમિકા બાંધી પરિણામે ઈ.સ. ૧૯૨૩માં વિસનગર તાલુકા પ્રજામંડળની સ્થાપના થઈ. વડોદરા રાજયના પ્રજામંડળનું ૧૪મું અધિવેશન ૧૯૩૭માં વિસનગરમાં યોજાયું જેને લોખંડી પુરુષ સરદાર પટેલનો સંપૂર્ણ સહયોગ સાંપડયો. ૧૯૪૨ની "હિન્દ છોડો" ચળવળમાં વિસનગરે પોતાના પનોતા પુત્ર ગોવિંદરાવ ઉત્રાણકરને શહીદ બનાવી અખિલ ભારતીય સ્વાતંત્ર સંગ્રામના ઈતિહાસમાં ગૌરવ પૂર્ણ સ્થાન મેળવ્યું. પ્રજામંડળના વિસનગરીય પ્રયાસોને કારણે ગાયકવાડના શાસનમાં સ્વાયત્તતા મેળવી શકાઈ અને આજ પ્રજામંડળે ૧૯૪૯માં ભારતીય સંઘમાં વડોદરા રાજયને જોડવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવ્યો હતો.

